# ગુજરાતમાં બોલાતી આદિવાસી ભાષાઓનાં તથ્યો અને વિશેષો

ગુજરાતમાં બોલાતી આદિવાસી ભાષાઓનાં તથ્યો અને વિશેષો સમજવા, કહેવાનો પ્રયાસ મૂળે ભાષાવિજ્ઞાન અને ભાષાની જ્ઞાનપ્રણાલીને લગતો હોય. આદિવાસી સમાજો જંગલોમાં વસે છે. ગુજરાતની પૂર્વપટ્ટીમાં વસતા આદિવાસીઓની લગોલગ રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રની હદોએ પણ મોટી સંખ્યામાં આવી જ ભાષા બોલનારા આદિવાસી વસે છે. એ ત્રણ પડોશી રાજ્યોની આદિવાસી ભાષામાં જે તત્ત્વો છે તે સ્વાભાવિક રીતે ગુજરાતની આદિવાસી ભાષાઓમાં પણ હોય જ અને છે પણ.

ગુજરાતમાં પચ્ચીસ-ત્રીસ જેટલી આદિવાસી ભાષાઓ બોલાય છે. નૃવંશીય રીતે આ સમાજો સાથે વિમુક્ત વિચરતા સમાજોની ભાષાઓ પણ આવે જ. સમુદ્રતટ અને રણવિસ્તારના સમાજોની પણ આમાં ગણતરી થાય. બધી થઈને નાનીમોટી આવી ભાષાઓ સો જેટલી થાય.

આદિવાસી ભાષાઓમાં ડાંગી, કુંકણા, કઠાલી, વસાવી, માવચી, ચૌધરી, દેહવાલી, ગામીત, વારલી, ધોડિયા, ડુંગરા, ભીલી, તલાવિયા, રાઠોડ, આંબુડી, ઐરાણી, કોટલી, કોટવાલી, ગોરપા, તડવી, રાઠવી, કોળી, કોલઘા, માંગેલી વગેરે ભાષાઓ દક્ષિણ ગુજરાતમાં બોલાય છે. આ બધા સમૂહો એકબીજા સાથે અમુક હદની સરળતાથી પ્રત્યાયન કરી શકે છે.

ઉત્તર ગુજરાતની આદિવાસી ભાષાઓ ડુંગરી ભીલી, ગરાસિયા, કાથોડી વગેરે છે. મધ્ય ગુજરાતની આદિવાસી ભાષાઓમાં પંચમહાલી ભીલી, રાઠવી, કોળી વગેરે આવે.

મધ્ય પ્રદેશ, રાજસ્થાનની હદે રહેતા ગુજરાતના આદિવાસીની હિન્દી મારફત પ્રત્યાયન કરવાની ક્ષમતા છે. એટલે કે આદિવાસી સમાજો સહજ રીતે અંદરોઅંદર બહુભાષી છે અને પડોશી રાજ્યોના આદિવાસીઓ અને અન્યો સાથે દ્વિભાષી છે.

બિનઆદિવાસી લોકોને આદિવાસી ભાષાઓ આવડતી નથી. આદિવાસીને બિનઆદિવાસીઓની ભાષાઓ આવડે છે. ભાષા સમજવાની તૈયારી અને ક્ષમતા આદિવાસી સમાજમાં રોજીને લીધે થતા સ્થળાંતરને કારણે ખૂબ વધારે પ્રમાણમાં છે. એટલે એમના મનમાં અન્ય ભાષાઓ સાથેના અનુવાદની ક્રિયા થાય છે.

આદિવાસી ભાષાઓ ગુજરાતી ભાષાની પેટાભાષાઓ છે એવી માન્યતા આધારહીન, અવૈજ્ઞાનિક છે. એને વંશીય, શાસ્ત્રીય સમર્થન નથી. આદિવાસી ભાષાઓ જંગલોમાં ઉછરેલી ભાષાઓ છે. ગુજરાતી ભાષાનો ઉછેર મેદાનોમાં થયેલો છે. વ્યાપારી સંપર્કો અને અહીંથી બહાર અને બહારથી અહીંથી થયેલાં સ્થળાંતરને આભારી છે. ગુજરાતી ભાષાનો ઇતિહાસ બારસો વરસનો છે. આદિવાસી ભાષાઓનો ઇતિહાસ, ભૂતકાળ આનાથી બે-ચાર ગણો છે.

ગુજરાતી અને ગુજરાતની આદિવાસી ભાષાઓ વચ્ચેનો આદાનપ્રદાનનો વ્યવહાર છેલ્લાં સો વર્ષોમાં ક્રમશઃ તીવ્ર થઈ રહ્યો છે.

રાજ્યવાર એક મુખ્ય ભાષા વહીવટ માટે થઈ એના લીધે આદિવાસીએ ઝડપથી ગુજરાતી શીખવા માંડ્યું. પણ તંત્ર અને સમાજે એટલી ઝડપથી આદિવાસી ભાષાઓ શીખવાનું ટાળ્યું.

હવે આદિવાસી સંસ્કૃતિ અને સાહિત્યમાં જોવા મળતાં આદિવાસી ભાષાનાં તથ્યો અને વિશેષો પણ જોઈએ:

૧) આદિવાસી કથાઓ, કથાગીતો, મહાકાવ્યો, ગીતો અને મંત્રો બે-ચાર હજાર વર્ષથી પહેલાં જન્મી, પરિવર્તિત થઈને આજેય જીવતાં છે. આતથ્ય સૌથી મોટું છે. જ્યારે કે બીજા બિનઆદિવાસીઓએ પોતાની મૌખિક સાહિત્યની પરંપરાને ખોઈ દીધી છે.

૨) આ મૌખિક રચનાઓમાં પ્રકૃતિ સાથે સંવાદ અને માનવો સાથે સહજીવનથી સાધેલાં, પામેલાં જીવનમૂલ્યો સર્જનશીલતાથી પ્રબળ રીતે કોઈને પણ આકર્ષે છે.

૩) આ ભાષાઓમાં અવકાશ, સ્થળ ઉપરાંત જીવનવ્યવહારો જેવા કે ખેતી, કુદરતમાં, દેવ-દેવીમાં આસ્થા, ખેતી, ખગોળ, શિકાર, ઋતુઓ, દેહ વગેરે અંગે ભરપૂર શબ્દો છે. આ શબ્દોનાં મૂળ અને કુળને જાણવાથી આદિવાસીના અમૂર્ત વારસાની વિપુલતાનો ખ્યાલ આવે. ભાષાકીય

નૃવંશવિદ્યાનું આ ક્ષેત્ર છે. આદિવાસીની મૌખિક કૃતિઓમાં ડુંગરી ભીલોનાં મહાકાવ્યો, સૃષ્ટિસર્જનની કથાઓ (સં. ભગવાનદાસ પટેલ) અને રાજા માનસિંગ અને સાળવાં રાણીની તથા કંસરીની કથા (ડાહ્યાભાઈ વાઢુ સંપાદિત)નો એ દૃષ્ટિએ અભ્યાસ થાય તો વધુ ઐતિહાસિક તથ્યો આદિવાસી સમાજ સંદર્ભે સાંપડે.

૪) મૌખિકતાથી જગતને જાણવા અને વર્ણવવાની આદિવાસીની રીતમાં પ્રભુધારાથી અલગ જ વિશ્વને જોવાની દૃષ્ટિ છે. પ્રભુધારાની નજરે જગતને જોવાની ટેવ પડી છે તે જ્ઞાનના વિશ્વ માટે ઘાતક છે.

૫) આદિવાસી ભાષાઓમાં વંશગત અને ઐન્દ્રિયિક સ્મૃતિ જ મુખ્ય છે. પૂર્વજોના માનસ સાથે એકત્વનો અનુભવ એમની વિશેષતા છે.

૬) કુદરતે આપેલા અને પોતે ઘડેલા વસ્તુજગતથી ઊભા થતા સંવાદમાં પ્રામાણિકતા અને નિષ્ઠા છે. વ્યાપારથી સંચાલિત ભાષા દ્વારા થતા જગતમાં તો ભાષાથી જ ભાષા ઘડાય અને શબ્દસૌંદર્ય રચાય છે એવું આદિવાસી સાહિત્ય બાબતે નથી.

૭) ૧૮૬૮ પૂર્વે જંગલનો વિસ્તાર સાર્વભૌમ હતો. એટલે કે કહેવાતી રાજ્યસત્તાથી બહાર હતો. જ્યાં કોઈની પણ દખલ નથી એવા પ્રદેશ અને મનમાં સત્, સત્યનું કથન નીડરપણે અને યોગ્ય રીતે થાય. આ દૃષ્ટિ આદિવાસી જીવન, ભાષા, સાહિત્ય, સંસ્કૃતિમાં આજે પણ છે. એ સાર્વભૌમત્વની યાદ આદિવાસી સાહિત્યમાં ને ભાષામાં બરકરાર છે.

આદિવાસી ભાષાઓની હાલની આવૃત્તિ પર ભારોપિય દ્રવિડી, મુંડારી ભીલી, સાંથાલી, ભીલી ભાષાઓની પરસ્પર અસરો અનિવાર્યપણે જોવા મળે છે. ઉત્તર, મધ્ય અને દક્ષિણના પર્વતોની હારમાળામાં પ્રવાસશીલ આદિવાસી ભાષામાં ઘણાં બધાં તત્ત્વો છે. જમીન પર સપાટ રીતે પ્રવાસ હોય તેમ આદિવાસીનો પ્રવાસ જંગલોમાં પર્વતો પર ચઢી ઊતરીને થતો પ્રવાસ છે, હતો. આજે રાજ્યોની સીમાઓ, ભાષાઓની સીમાઓ બાંધીને વહીવટકર્તા સમાજે બંધિયાર થઈ ગંધાઈ ઊઠવા, વહેલા મરણશરણ થવાનો પ્રકલ્પ ઉપાડ્યો છે. ઓછામાં ઓછાં સાધનોથી જીવી બતાવતા આદિવાસીને આવતીકાલની આપણા ધરતી પરના જીવનની ચિંતા હતી, પરંતુ એ સર્વોપરી મુદ્દાની સત્તામાં મસ્ત લોકોને લેશભર તમા નથી.

આદિવાસી ભાષાઓ ધીમે ધીમે લુપ્ત થઈ રહી છે એમાં આદિવાસીનો ધરતીને બચાવવાનો સંદેશ છે. બધી શક્તિઓ લગાડીને આ ઊંધો રસ્તો છોડી પાછા વળવું હોય તો હજુ વળી શકાય એમ છે.

---

*આદિલોક, તંત્રી આનંદ વસાવા, ૨૦૨૪માં પ્રગટ*